For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

નવા વર્ષની શરૂઆત સારા સમાચારોથી

નવી ઉડાન, બાજવા બ્રિજથી ભાયલી કેનાલ ફ્રન્ટ સુધી વિકાસની વણઝાર

ગૃહ મંત્રાલયની કેટેગરી-1 યાદીમાં 41મું સ્થાન

વડોદરા એરપોર્ટને આંતરરાષ્ટ્રીય મુસાફરીની લીલી ઝંડી, વિદેશ જવા અમદાવાદ-મુંબઈના ધક્કામાંથી મળશે મુક્તિ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે વડોદરા એરપોર્ટને આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે માન્ય એરપોર્ટની યાદીમાં સ્થાન આપતાં શહેરમાંથી સીધી વિદેશી ફ્લાઈટ શરૂ થવાની શક્યતાઓ વધી છે. ગૃહ મંત્રાલયની કેટેગરી-1 એરપોર્ટની સુધારેલી યાદીમાં વડોદરાને 41મું અને રાજકોટના હિરાસર એરપોર્ટને 40મું સ્થાન આપવામાં આવ્યું છે. આ નિર્ણયથી બંને એરપોર્ટ પર વિદેશી મુસાફરો માટે પાસપોર્ટ, વિઝા અને ઈમિગ્રેશનની પ્રક્રિયા શક્ય બનશે.



અત્યાર સુધી વિદેશ પ્રવાસ માટે વડોદરાવાસીઓએ અમદાવાદ કે મુંબઈ જવું પડતું હતું. હવે દુબઈ, શારજાહ અને સિંગાપોર જેવા આંતરરાષ્ટ્રીય રૂટ પર સીધી ફ્લાઈટ શરૂ થવાની આશા વધી છે. આ નિર્ણયથી અમેરિકા, કેનેડા, લંડન અને દુબઈમાં વસતા વડોદરાના પરિવારો, વિદ્યાર્થીઓ તથા વેપારીઓને લાભ મળી શકશે.

વડોદરા ફાર્મા, કેમિકલ, એન્જિનિયરિંગ અને આઈટી ક્ષેત્રે મહત્વનું ઔદ્યોગિક કેન્દ્ર હોવાથી આંતરરાષ્ટ્રીય હવાઈ જોડાણથી વેપાર-ઉદ્યોગને પણ વેગ મળવાની શક્યતા છે. ઈમિગ્રેશનની મંજૂરી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ માટેનું મહત્વનું પગથિયું છે. હવે એરલાઈન્સની ભાગીદારી સાથે આંતરરાષ્ટ્રીય ટર્મિનલ અને કસ્ટમ્સ સહિતની જરૂરી સુવિધાઓ વિકસાવવાની દિશામાં આગળ વધવાની અપેક્ષા છે. આ નિર્ણયથી વડોદરાના હવાઈ જોડાણને નવી દિશા મળશે.

હજારો વાહનચાલકોને મળશે રાહત

બાજવા અન્ડરપાસ પર બનશે નવો રેલવે ઓવરબ્રિજ યોમાસામાં પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં આવેલા બાજવા રેલવે અન્ડરપાસ પર પાણી ભરાવા અને ટ્રાફિક જામની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા વડોદરા મહાનગરપાલિકા અને પશ્ચિમ રેલવે દ્વારા નવો રેલવે ઓવરબ્રિજ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટથી બાજવા, કરોડિયા, ઉંડેરા, કોયલી અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના હજારો નાગરિકોને રાહત મળશે.



હાલમાં બાજવા વિસ્તારને શહેર સાથે જોડતો અન્ડરપાસ મુખ્ય માર્ગ છે. જોકે, ચોમાસામાં સામાન્ય વરસાદમાં પણ અહીં ઘૂંટણસમા પાણી ભરાતાં વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પડે છે. પરિણામે વિદ્યાર્થીઓ, નોકરિયાતો, કામદારો અને ઈમરજન્સી વાહનોને લાંબા અંતરનો ચકરાવો લગાવવો પડે છે. સાંકડા અન્ડરપાસને કારણે સામાન્ય દિવસોમાં પણ પીક અવર્સ દરમિયાન વાહનોની લાંબી કતારો લાગે છે.

સ્થાનિક રહીશો, ઉદ્યોગકારો અને જનપ્રતિનિધિઓની લાંબા સમયની રજૂઆતો બાદ તંત્ર દ્વારા ઓવરબ્રિજની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલમાં ટેકનિકલ સર્વે અને પ્રાથમિક મંજૂરીની પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી રહી છે. મહાનગરપાલિકા અને રેલવે તંત્ર દ્વારા બ્રિજની ડિઝાઈન, અંદાજિત ખર્ચ તથા જમીન સંપાદન સંબંધિત પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

બાળકો અને વડીલો માટે હરવા-ફરવાનું નવું સ્થળ બનશે

ભાયલી-સેવાસીમાં બનશે અત્યાધુનિક લિનિયર પાર્ક અને કેનાલ ફ્રન્ટ, વિસ્તારની સુંદરતામાં થશે વધારો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરના ઝડપથી વિકસી રહેલા ભાયલી-સેવાસી વિસ્તારમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા અત્યાધુનિક લિનિયર પાર્ક અને કેનાલ ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટથી વિસ્તારની સુંદરતામાં વધારો થવાની સાથે નાગરિકોને હરવા-ફરવા માટે વધુ એક આકર્ષક સ્થળ ઉપલબ્ધ થશે.



વધતા શહેરીકરણ વચ્ચે નાગરિકોને હરિયાળું અને સ્વચ્છ કુદરતી વાતાવરણ મળી રહે તે હેતુથી આ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. લિનિયર પાર્ક અને કેનાલ ફ્રન્ટના વિકાસથી આસપાસના રહીશોને મોર્નિંગ વોક અને ઈવનિંગ વોક માટે સુવિધા મળશે. સાથે જ બાળકો માટે રમવા અને વડીલો માટે બેસવા તથા વિહાર કરવાની વ્યવસ્થા ઊભી થશે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ પ્રોજેક્ટથી ભાયલી-સેવાસી વિસ્તારના નાગરિકોને પ્રકૃતિની નજીક રહેવાનો મોકો મળશે. શહેરમાં હરિયાળી અને જાહેર મનોરંજન સ્થળોનો વ્યાપ વધારવાની દિશામાં મહાનગરપાલિકાનું આ આયોજન મહત્વપૂર્ણ સાબિત થશે. આ ઉપરાંત કેનાલની આસપાસ સુંદર લેન્ડસ્કેપિંગ, આકર્ષક બેઠક વ્યવસ્થા અને ચાલવા માટેના સુવ્યવસ્થિત માર્ગો વિકસાવવાથી નાગરિકો માટે નવું પ્રવાસન આકર્ષણ ઊભું થશે.

બરોડા ડેરી દ્વારા દૂધના નવા દરો લાગુ

અમૂલ તાઝામાં રૂ. ૨ અને ગોલ્ડના ભાવ રૂ.૪નો વધારો



અમૂલ દૂધના ભાવ: અગાઉના વિ. નવા

	જુનો ભાવ		નવો ભાવ
અમૂલ ગોલ્ડ દૂધ			
1. ૫૦૦ મિલી પાઉચ	રૂ. 34.00	+2.00	રૂ. ૩૭.૦૦
2. ૬ લીટર પાઉચ	રૂ. ૪૨૦.૦૦	+24.00	રૂ. ૪૪૪.૦૦
અમૂલ શક્તિ દૂધ	જુનો		નવો
1. ૫૦૦ મિલી પાઉચ	રૂ. 32.00	+2.00	રૂ. ૩૪.૦૦
2. ૬ લીટર પાઉચ	રૂ. ૩૮૪.૦૦	+24.00	રૂ. ૪૦૮.૦૦
અમૂલ ગાય દૂધ	જુનો		નવો
1. ૫૦૦ મિલી પાઉચ	રૂ. ૩૦.૦૦	+2.00	રૂ. ૩૨.૦૦
2. ૨૦૦ મિલી પાઉચ	રૂ. ૧૨.૦૦	+1.00	રૂ. ૧૩.૦૦
અમૂલ તાઝા દૂધ	જુનો	કોઈ ફેરફાર નહીં	નવો
1. ૧૪૦ મિલી પાઉચ	રૂ. ૧૦.૦૦	=	રૂ. ૧૦.૦૦
2. ૫૦૦ મિલી પાઉચ	રૂ. ૨૯.૦૦	+1.00	રૂ. ૩૦.૦૦
3. ૬ લીટર પાઉચ	રૂ. ૩૪૮.૦૦	+12.00	રૂ. ૩૫૦.૦૦
અમૂલ સ્લીમ એન્ડ ટ્રીમ દૂધ	જુનો		નવો
1. ૫૦૦ મિલી પાઉચ	રૂ. ૨૬.૦૦	+1.00	રૂ. ૨૭.૦૦

*ભાવ પ્રતિ પાઉચ (રૂપિયા-પૈસા) ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીના સુધારેલા ભાવ

ઉત્પાદન અને પ્રોસેસિંગના વધતા ખર્ચને કારણે જીસીએમએમએફ દ્વારા લેવાયો નિર્ણય, ૮૦% આવક સીધી પશુપાલકોને પરત અપાશે

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૩

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા અમૂલ બ્રાન્ડ હેઠળ વેચાતા ફ્રેશ પાઉચ મિલ્કના ભાવમાં અંદાજે ૪ થી ૫ ટકાનો સામાન્ય વધારો કરવામાં આવ્યો છે, જે આજ તારીખ ૧૩ નવેમ્બર ૨૦૨૬થી અમલમાં આવી ગયો છે.

આ ભાવવધારો દૂધના ઉત્પાદન અને પ્રોસેસિંગના સ્ટીપ વધતા ખર્ચને કારણે અનિવાર્ય બન્યો હતો. ચાલુ વર્ષ દરમિયાન લીલો અને સૂકો ચારો, કેટલ ફીડના ઘટકો જેવા કે તેલીબિયાંના ખોળ, મકાઈ અને ગોળ, તેમજ દૂધના પેકેજિંગ મટિરિયલ્સ અને ઇંધણના ખર્ચમાં મોટો ઉછાળો આવ્યો છે. આ ઉપરાંત, ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં ઓછા અને અનિયમિત વરસાદને કારણે ઊભી થયેલી પડકારજનક પરિસ્થિતિમાં, પશુપાલકોને મુશ્કેલ સમયમાં આર્થિક ટેકો પૂરો પાડવા અને વધુ ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવા આ નિર્ણય લેવાયો છે. અમૂલના સહકારી માળખા દ્વારા ગ્રાહકો પાસેથી એક થતી આવકનો ૮૦% હિસ્સો સીધો ૩૬ લાખથી વધુ દૂધ ઉત્પાદકોને પરત કરવામાં આવે છે.

દેશભરમાં અને ખાસ કરીને વડોદરા બજારમાં સૌથી વધુ વેચાતી અમૂલ પ્રોડક્ટ્સના ભાવોમાં સામાન્ય ફેરફાર નોંધાયો છે, જેમાં સૌથી વધુ વેચાતા અમૂલ તાઝા ટોન્ડ મિલ્ક (૩% ચરબી) પર પ્રતિ લિટર ૨ નો વધારો (૩.૩%) અને અમૂલ ગોલ્ડ ફુલ ક્રીમ મિલ્ક (૬% ચરબી) પર પ્રતિ લિટર ૪ નો વધારો (૫.૫%) કરવામાં આવ્યો છે.

વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (બરોડા ડેરી) દ્વારા જારી કરાયેલા પરિપત્ર મુજબ, ડેરીના તમામ છૂટક વિક્રેતાઓ, કેન્દ્રો, ફૂલ ટાઈમ સેન્ટર્સ, ફ્રેન્ચાઈઝ પાર્લર્સ, હોરેકા સંસ્થાઓ તથા ગ્રાહકો માટે નવા ભાવો આજથી લાગુ કરી દેવામાં આવ્યા છે. વડોદરા ડેરીના માર્કેટિંગ વિભાગ દ્વારા જાહેર કરાયેલા નવા દર અનુસાર, અમૂલ ગોલ્ડ દૂધ ૫૦૦ મિલી ના ૩૭.૦૦ (૬ લીટરના ૪૪૪.૦૦), અમૂલ શક્તિ દૂધ ૫૦૦ મિલી ના ૩૮.૦૦ (૬ લીટરના ૪૦૮.૦૦), અમૂલ ગાય દૂધ ૫૦૦ મિલી ના ૩૨.૦૦ (૨૦૦ મિલી ના ૧૩.૦૦), અને અમૂલ તાજા દૂધ ૫૦૦ મિલી ના ૩૦.૦૦ (૬ લીટરના ૩૫૦.૦૦) રહેશે. આ ઉપરાંત અમૂલ સ્લીમ એન્ડ ટ્રીમ દૂધ ૫૦૦ મિલી ના ૨૭.૦૦, બરોડા ડેરી ગોરસ છાસ ૫ લિટરના ૧૬૦.૦૦, સુગમ મસ્તી દહીં કપ ૨૦૦ ગ્રામના ૨૬.૦૦, ૪૦૦ ગ્રામના ૫૨.૦૦, તેમજ ૧ કિલો પાઉચના ૮૫.૦૦ અને ૫ કિલો પાઉચના ૪૦૪.૦૦ રહેશે. સંઘ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ સિવાય સંઘના અન્ય દૂધ અને દૂધની બનાવટોના ભાવ હાલ પૂરતા યથાવત રહેશે.

પુત્રને બચાવવા દોડેલી માતાનું ત્રીજા માળેથી પટકાતાં મોત

(પ્રતિનિધિ) વડોદરા,

તરસાલીના નિશી એપાર્ટમેન્ટમાં પુત્રને બચાવવા જતાં માતાનું ત્રીજા માળેથી પટકાતાં મોત નીપજ્યું હતું. બુધવારે બપોરે બનેલી આ કરુણ ઘટનામાં ચાર વર્ષનો માસૂમ બાળક સદનસીબે બચી ગયો હતો. સમગ્ર બનાવ સોસાયટીના સીસીટીવી કેમેરામાં કેદ થયો છે.

મળતી માહિતી મુજબ, 34 વર્ષીય દક્ષાબહેન તેમના ચાર વર્ષના પુત્ર સાથે ત્રીજા માળે આવેલા ફ્લેટમાં હતાં. આ દરમિયાન રમતાં-રમતાં બાળક બાલ્કની સુધી પહોંચી ગયો હતો. બાળકને રેલિંગ પાસે જોખમી સ્થિતિમાં જોઈ માતા તેને બચાવવા માટે દોડી ગયાં હતાં.

જોકે, ઉતાવળમાં તેમનું સંતુલન ખોરવાતાં તેઓ ત્રીજા માળેથી નીચે પટકાયાં હતાં. અકસ્મિક રીતે નીચે પટકાતાં દક્ષાબહેનને માથા સહિત શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સોસાયટીના રહીશો અને પરિવારજનોએ તાત્કાલિક તેમને હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં, સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

વડોદરાની રૂતુ કન્સલ્ટન્સીના સંચાલકો સહિત ત્રિપુટી સામે ગુનો

લંડનના વર્ક પરમિટ વિઝાના નામે નર્સિંગના વિદ્યાર્થી સાથે રૂ.૩.૭૩ લાખની ઠગાઈ

દાખલ, વિઝા અપાવવાના બહાને નાણાં લીધા બાદ ખોટો ચેક આપ્યો,રૂ.૩.૭૩ લાખ પરત ન આપી લંડનથી વોટ્સએપ પર ધમકી આપી

દર્શક પટેલે થાય તે કરી લેવાનો લંડનથી મેસેજ કર્યો

લંડનમાં રહેતા દર્શક પટેલે વોટ્સએપ મેસેજ કરીને પૈસા નહીં મળે અને તારાથી થાય તે કાયદેસર કરી લે, મને કોઈની બીક નથી તેમ જણાવ્યું હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. સયાજીગંજ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે વોટ્સએપ ચેટ, ચેકની નકલ અને બેંક સ્ટેટમેન્ટ સહિતના પુરાવાના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા. 13

વિદેશમાં નોકરી મેળવવાની આશામાં લંડનના વર્ક પરમિટ વિઝા કઢાવવા માટે કન્સલ્ટન્સીનો સંપર્ક કરવો અમદાવાદના 24 વર્ષીય નર્સિંગના વિદ્યાર્થીને ભારે પડ્યો છે. વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં આવેલી રૂતુ કન્સલ્ટન્સીના સંચાલકો સહિત ત્રણ શખ્સોએ યુકેના વિઝા અપાવવાની ખાતરી આપી યુવક પાસેથી રૂ.4.25 લાખ મેળવ્યા હતા. જોકે, લાંબા સમય સુધી વિઝાની કાર્યવાહી નહીં થતાં યુવકે નાણાં પરત માગ્યા હતા. આરોપીઓએ આપેલો ચેક પણ બાઉન્સ થયો હતો. રૂ.51 હજાર પરત આપ્યા બાદ બાકીના રૂ.3.73 લાખ નહીં ચૂકવી છેતરપિંડી કર્યાની ફરિયાદ સયાજીગંજ પોલીસ મથકમાં નોંધાઈ છે.

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતો ચિંતન સોલંકી કલોલની સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટમાં બીએસસી નર્સિંગનો અભ્યાસ કરે છે. તેને લંડનમાં નોકરી મેળવવાની ઈચ્છા હોવાથી ફેબ્રુઆરી-2024માં સોશિયલ મીડિયા પર વિદેશના વિઝા અપાવવાની જાહેરાત જોઈ હતી. ત્યારબાદ તે સયાજીગંજના બીબીસી ટાવર સામે આવેલા સિલ્વર લાઈન કોમ્પ્લેક્સમાં રૂતુ કન્સલ્ટન્સીની ઓફિસે પહોંચ્યો હતો. ત્યાં નૈનેશ નરેન્દ્રભાઈ પટેલ અને ધૈર્ય નૈનેશભાઈ પટેલે લંડનમાં દર્શક નામનો તેમનો માણસ હોવાનું જણાવી વિઝા અપાવવાની ખાતરી આપી હતી. આ કામ માટે રૂ.12 લાખનો ખર્ચ થશે તેમ કહી ટોકન પેટે રૂ.5 હજાર લીધા હતા.

દિવાળીના વેકેશનમાં સહેલાણીઓનો ધસારો

સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયની ૬ દિવસમાં રૂ.૧૨.૯૫ લાખની આવક

તા. ૦૬ થી ૧૧ નવેમ્બર દરમિયાન ૧૯,૦૪૦ મુલાકાતીઓએ ઝૂની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા મહાનગરપાલિકા સંચાલિત ઐતિહાસિક સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયમાં દિવાળીના વેકેશન દરમિયાન સહેલાણીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. વેકેશનના છ દિવસમાં જ કુલ 19,040 મુલાકાતીઓએ ઝૂની મુલાકાત લેતાં તંત્રને રૂ.12,95,940ની વિક્રમજનક આવક થઈ હતી.

તા.6થી 11 નવેમ્બર દરમિયાન મુલાકાતીઓની સંખ્યામાં સતત વધારો નોંધાયો હતો. પ્રથમ દિવસે 697 મુલાકાતીઓથી શરૂ થયેલો આંકડો 11 નવેમ્બરે વધીને 6,233 પર પહોંચ્યો હતો. આ દિવસે સૌથી વધુ રૂ.4,17,390ની આવક નોંધાઈ હતી. જ્યારે 10 નવેમ્બરે 5,419 મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી અને રૂ.3,77,160ની આવક થઈ હતી.

દિવાળીના વેકેશનમાં વડોદરા ઉપરાંત આસપાસના જિલ્લાઓમાંથી પણ પરિવારો બાળકો સાથે સયાજીબાગ ઉમટ્યા હતા. આ સમયગાળા દરમિયાન દરરોજ અંદાજે 28થી 30 હજાર નાગરિકોએ સયાજીબાગની મુલાકાત લીધી હતી. આશરે 5 હજાર લોકોએ જોયટ્રેન અને 900 લોકોએ ઈ-કારની સવારીનો આનંદ માણ્યો હતો.

મોટી સંખ્યામાં સહેલાણીઓ આવતાં ઝૂ તંત્ર દ્વારા સુવિધા અને સુરક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ મહાનગરપાલિકાએ નાગરિકોને સ્વચ્છતા જાળવવા, કચરો કચરાપેટીમાં નાખવા તથા વૃક્ષો અને જાહેર મિલકતને નુકસાન ન પહોંચાડવા અપીલ કરી છે.

ChatGPT પર વિશ્વાસ કરી સર્ચ કરતા લોકો સાવધાન...!

ChatGPT પર મહાકાલ ભક્ત નિવાસનું બુકિંગ શોધવું નિવૃત્ત નાગરિકને ભારે પડ્યું

QR કોડ અને ક્રેડિટ કાર્ડથી અનેક ટ્રાન્ઝેક્શન કરાવી ગઠિયાઓએ ખિસ્સું ખાલી કર્યું

QR કોડથી પેમેન્ટ કરાવ્યા બાદ વારંવાર નાણાંની માંગણી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 13

વડોદરા શહેરમાં સાયબર ઠગોએ છેતરપિંડીનો નવો કીમિયો અજમાવી ધાર્મિક સ્થળે દર્શન કરવા જવાની તૈયારી કરી રહેલા એક નિવૃત્ત નાગરિકને નિશાન બનાવ્યા છે. ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરમાં પરિવાર સાથે દર્શન કરવા જવા માટે શ્રી મહાકાલ ભક્ત નિવાસમાં રૂમ અને VIP દર્શનનું બુકિંગ શોધી રહેલા અકોટાના જયપ્રકાશ પાંડે ChatGPT પર સર્ચ કરતાં ઠગોની જાળમાં ફસાયા હતા. નકલી વેબસાઇટ અને વોટ્સએપના માધ્યમથી ઠગોએ તેમની પાસેથી રૂ.70 હજારથી વધુની રકમ પડાવી લીધી હતી.

જયપ્રકાશ પાંડે પરિવારના સભ્યો સાથે ઉજ્જૈન જવાના હોવાથી રહેવાની વ્યવસ્થા માટે ChatGPT પર શ્રી મહાકાલ ભક્ત નિવાસ સર્ચ કર્યું હતું. સર્ચ દરમિયાન મળેલી લિંક ખોલતાં વેબસાઇટ પર દર્શાવેલા મોબાઇલ નંબર પર સંપર્ક કર્યો હતો. ફોન ઉપાડનાર વિનોદ પાંડેએ પોતે મહાકાલ ભક્ત નિવાસમાંથી બોલતો હોવાનું જણાવી વિશ્વાસમાં લીધા હતા.

ઠગે ત્રણ રૂમના બુકિંગ માટે રૂ.13 હજારનો QR કોડ મોકલ્યો હતો. પેમેન્ટ કર્યા બાદ રકમ જમા થઈ ન હોવાનું કહી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન કરાવ્યાં હતાં. આ દરમિયાન વિવિધ બેંકોનાં ક્રેડિટ કાર્ડથી પણ નાણાં પડાવ્યાં હતાં. પરિવારના છ સભ્યોના VIP દર્શન માટે પ્રતિ વ્યક્તિ રૂ.250 લેખે રૂ.1,500 પણ વસૂલ્યા હતા.

વારંવાર પેમેન્ટ કરવા છતાં બુકિંગ કન્ફર્મ થવાને બદલે પેન્ડિંગ જ રહેતાં અને વધુ રૂ.41 હજારની માંગણી થતાં પાંડેએ તપાસ કરી હતી. ત્યારે પોતાની સાથે રૂ.70 હજારથી વધુની ઠગાઈ થઈ હોવાનું જણાયું હતું. તેમણે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર જાણ કર્યા બાદ અકોટા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે નકલી વેબસાઈટ, મોબાઈલ નંબર અને નાણાં ટ્રાન્સફર થયેલાં બેંક ખાતાંના આધારે તપાસ શરૂ કરી છે.

અજાણી બુકિંગ લિંક પર પેમેન્ટ કરતાં પહેલાં અધિકૃત વેબસાઈટ અને સંપર્ક નંબરની ખરાઈ કરવી જરૂરી છે.

ગુજરાત એસ.ટી. નિગમે દિવાળીના તહેવારોમાં ડિજિટલ ટિકિટિંગમાં ઈતિહાસ રચ્યો

GSRTCનો રેકોર્ડ, એક જ દિવસમાં ૧.૪૬ લાખ સીટોનું ઓનલાઈન બુકિંગ

મોબાઈલ એપથી જ 99 હજાર ટિકિટ, એક દિવસમાં રૂ. 3.55 કરોડની ડિજિટલ આવક



(પ્રતિનિધિ) વડોદરા, તા.13

ગુજરાત એસ.ટી. નિગમે દિવાળીના તહેવારોમાં ડિજિટલ ટિકિટિંગમાં ઈતિહાસ રચી દીધો છે. ભાઈબીજના પાવન પર્વે એક જ દિવસમાં રાજ્યમાં 1,46,875 સીટોનું ઓનલાઈન બુકિંગ નોંધાયું છે. નિગમના ઈતિહાસમાં આ સૌથી મોટો આંકડો છે.

હવે મુસાફરોને બસ સ્ટેન્ડની લાંબી લાઈનમાં ઊભા રહેવું ગમતું નથી. ઘરે બેઠા મોબાઈલથી ટિકિટ બુક કરવાનો ટ્રેન્ડ જોર પકડી રહ્યો છે. ભાઈબીજના દિવસે થયેલા બુકિંગમાંથી એકલી જીએસઆરટીસીની મોબાઈલ એપ દ્વારા જ 99,402 સીટો બુક થઈ હતી. બાકીની ટિકિટો વેબસાઈટ અને અન્ય ડિજિટલ પ્લેટફોર્મ પરથી બુક થઈ હતી. આ રેકોર્ડ બુકિંગથી નિગમને એક જ દિવસમાં રૂ. 3.55 કરોડની ડિજિટલ આવક થઈ છે. ઓનલાઈન અને કાઉન્ટર બુકિંગ મળીને તે દિવસે નિગમની કુલ આવક રૂ. 13 કરોડને પાર પહોંચી ગઈ હતી. ડિજિટલ બુકિંગમાં આ ભવ્ય સફળતા સાથે ગુજરાત દેશના તમામ રાજ્ય પરિવહન નિગમોમાં નંબર-1 એસટીયુ બની ગયું છે. આ સિદ્ધિ બદલ નાયબ મુખ્યમંત્રીએ નિગમના તમામ ડ્રાઈવર, કન્ડક્ટર, મિકેનિક અને વહીવટી સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, તહેવારોમાં જ્યારે સૌ પોતાના પરિવાર સાથે હોય છે, ત્યારે એસ.ટી.ના કર્મયોગીઓએ પોતાના પરિવારની ચિંતા કર્યા વિના લાખો મુસાફરોને સુરક્ષિત અને સમયસર તેમના વતન પહોંચાડ્યા છે. આ રેકોર્ડ તેમની નિષ્ઠા અને મુસાફરોના વિશ્વાસનું પ્રતીક છે.

પતિ ઝઘડા દરમિયાન પત્નીને ઉશ્કેરતા અને ગુસ્સામાં પત્ની જે બોલે તેનું રેકોર્ડિંગ તથા વીડિયો ઉતારતા હતા

લગ્નજીવનમાં ‘AI’ની એન્ટ્રીથી વિખવાદ..!

પતિ દરેક ઝઘડાના સમાધાન માટે ChatGPTની મદદ લેવા લાગ્યા, AI દ્વારા દરેક વાતનો પુરાવો રાખવાની સલાહ મળી

વકરેલા વિવાદથી છૂટાછેડા સુધી વાત પહોંચી જતા અભયમની ટીમે પતિ-પત્નીનું કાઉન્સેલિંગ કર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.13

આજના ડિજિટલ યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ જીવનના અનેક ક્ષેત્રોમાં થઈ રહ્યો છે, પરંતુ વડોદરામાં એક દંપતીના લગ્નજીવનમાં ChatGPTની દખલગીરી વિખવાદનું કારણ બની હોવાનો અનોખો અને રોમાંચક કિસ્સો સામે આવ્યો છે. પતિ-પત્ની વચ્ચે થતા નાના-મોટા ઝઘડાનો ઉકેલ પતિ ChatGPT પાસે શોધતા હતા. એટલું જ નહીં, AIની સલાહ મુજબ દરેક વાતનો પુરાવો રાખવાની માનસિકતા કેળવ્યા બાદ પત્ની ગુસ્સામાં જે બોલે તેનું રેકોર્ડિંગ અને વીડિયો બનાવવાનું શરૂ કર્યું હોવાનો પત્નીએ આક્ષેપ કર્યો હતો. આખરે પતિના માનસિક ત્રાસ અને છૂટાછેડાની વાતથી કંટાળેલી પત્નીએ 181 અભયમની મદદ માગી હતી.

181 અભયમની ટીમ આપેલા સરનામે પહોંચી ત્યારે મહિલાએ જણાવ્યું હતું કે, તેના લગ્ન શાદી.કોમના માધ્યમથી થયાં હતાં અને પરિવારજનોની હાજરીમાં લગ્નવિધિ



કરવામાં આવી હતી. લગ્ન પહેલાં પતિની અપેક્ષા હતી કે પત્ની નોકરી કરે, પરંતુ લગ્ન બાદ પત્નીએ ગૃહિણી તરીકે ઘરમાં જ રહેવાનું પસંદ કરતાં બંને વચ્ચે નાના-મોટા મતભેદ શરૂ થયા હતા.

મહિલાના જણાવ્યા મુજબ, પતિ દરેક ઝઘડાના સમાધાન માટે ChatGPTની મદદ લેતા હતા. AI દ્વારા દરેક વાતનો પુરાવો રાખવાની સલાહ મળતી હોવાની વાત કહી પતિ ઝઘડા દરમિયાન પત્નીને ઉશ્કેરતા અને ગુસ્સામાં પત્ની જે બોલે તેનું રેકોર્ડિંગ તથા વીડિયો ઉતારતા હતા. ત્યારબાદ આ રેકોર્ડિંગ અને વીડિયો બતાવી પત્નીને વારંવાર હેરાન કરતા હોવાનો આક્ષેપ કર્યો હતો. ધીમે ધીમે ઘરેલું વિખવાદ વધતાં પતિએ છૂટાછેડાની વાત શરૂ કરી હતી.

સમગ્ર હકીકત જાણ્યા બાદ 181 અભયમની ટીમે બંને પક્ષને સમજાવ્યું હતું કે લગ્ન કોઈ મશીન કે AIની સલાહથી નહીં, પરંતુ એકબીજાની પસંદગી અને સમજણથી થયાં છે. જીવનસાથી વચ્ચેના પ્રશ્નોનો ઉકેલ વ્યવહારુ સમજણ, પરસ્પર વિશ્વાસ અને સંવાદથી લાવવો જોઈએ. દરેક ઘરેલું બાબતમાં AIની સલાહને અંતિમ માની સંબંધોમાં કડવાશ વધારવી યોગ્ય નથી. અંતે બંનેને એકબીજાને સમજવા અને થોડો સમય આપવા સમજાવી, ઉતાવળમાં છૂટાછેડા જેવા નિર્ણય ન લેવા કાઉન્સેલિંગ દ્વારા સમાધાન કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.


ઓનલાઈન બુકીંગે માર્કેટ બગાડ્યું, નાના ટ્રાવેલર્સના ધંધા પર અસર

વેકેશનમાં સંસ્કારી નગરી બની ખાલીખમ મુખ્ય બજારો અને રાજમાર્ગો પર સન્નાટો

આશરે 40 ટકા શહેરીજનો ટુરમાં ઉપડી જતા રાજમાર્ગો પર ચહલ પહલ ઓછી

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

દિવાળી અને નૂતન વર્ષના તહેવારો બાદ લાંબા વેકેશનનો આનંદ માણવા વડોદરાવાસીઓ મોટી સંખ્યામાં બહારગામ પ્રવાસે ઉપડી ગયા છે. શહેરના અંદાજે 30થી 40 ટકા લોકો પ્રવાસે જતાં સામાન્ય દિવસોમાં ટ્રાફિકથી ધમધમતા મુખ્ય માર્ગો, બજારો અને સોસાયટીઓમાં સન્નાટો છવાયો છે. રાવપુરા, એમ.જી. રોડ, મંગળબજાર, અલકાપુરી અને રેસકોર્સ જેવા વિસ્તારોમાં પણ રોજિંદી ભીડ જોવા મળતી નથી.



દિવાળી પૂર્વે વતન જવા નીકળેલા પરપ્રાંતીય તેમજ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના પરિવારોને કારણે રેલવે સ્ટેશન અને એસ.ટી. ડેપો પર ભારે ભીડ જોવા મળી હતી. બીજી તરફ મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના પરિવારો દેશ-વિદેશના પ્રવાસે ઉપડી ગયા છે. ટૂર ઓપરેટર્સના જણાવ્યા મુજબ આ વર્ષે અગાઉથી જ મોટાભાગનાં ટૂર પેકેજનું બુકિંગ ફૂલ થઈ ગયું હતું.

ડોમેસ્ટિક પ્રવાસમાં ઉદયપુર, જયપુર, માઉન્ટ આબુ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, કેરળ, ગોવા અને કચ્છની વધુ માગ રહી હતી. ધાર્મિક પ્રવાસમાં ચારધામ, દ્વારકા-સોમનાથ અને અયોધ્યા-કાશી જ્યારે વિદેશ પ્રવાસમાં થાઈલેન્ડ, દુબઈ, બાલી અને વિયેતનામ લોકપ્રિય રહ્યાં હતાં. સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાપુતારા અને દીવ-દમણ તરફ પણ ખાનગી વાહનોમાં પરિવારો પ્રવાસે ગયા છે. બંધ મકાનોની સુરક્ષા માટે પોલીસે નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવ્યું છે. આગામી રવિવાર સુધીમાં મોટાભાગના પ્રવાસીઓ પરત ફરતાં શહેર ફરી ધમધમતું થવાની શક્યતા છે.

ઓનલાઈન બુકિંગ અને સસ્તાં પેકેજની સ્પર્ધાને કારણે લોકલ ટ્રાવેલ્સના ધંધા પર માઠી અસર પડી છે. દિવાળી દરમિયાન 50 સીટની બસમાં પણ માત્ર 34 સીટ ભરાતાં સંચાલકોને મુશ્કેલી પડી હતી. આ વર્ષે દિવાળીની સિઝન નિરાશાજનક રહી હોવાનું ટૂર્સ એન્ડ ટ્રાવેલર્સ એસોસિએશનના ચિરાગ પટેલે જણાવ્યું હતું.